# નગરજનો વિના નગરચર્યાએ નીકળ્યા નાથ

## રથયાત્રા દરમિયાન લોકોએ પણ સ્વૈચ્છિક નિયમોનું પાલન કર્યું અને ઘરે રહીને જ ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લીધો : રથયાત્રા શાંતિપૂર્ણ






અમદાવાદ, તા.૧૨ અમદાવાદમાં આજે કર્ફ્યુની વચ્ચે ભગવાન જગન્નાથજી નગરચર્યાએ નીકળ્યા હતા. જો કે, ૪ કલાકમાં જ ભગવાનના ત્રણેય રથ નગરચર્યા કરીને નિજ મંદિરે પરત આવી પહોંચ્યા છે. જણાવી દઈએ કે, પહિંદ વિધિ બાદ મંદિરથી નીકળેલી રથયાત્રા સરસપુર આવી પહોંચી હતી. જ્યાં ભગવાનનું મામેરું ભરવામાં આવ્યું હતું અને પછી ભગવાનને મોસાળમાંથી વિદાય આપવામાં આવી હતી. આયોજન મુજબ રથયાત્રા બપોરે ૧૨ વાગ્યા સુધી પરત આવવાની હતી, પરંતુ નિયત સમયના એક કલાક પહેલા જ રથયાત્રા શાંતિપૂર્ણ રીતે સંપન્ન થઈ છે. રથયાત્રા દરમિયાન લોકોએ પણ સ્વૈચ્છિક નિયમોનું પાલન કર્યું અને ઘરે રહીને જ ભગવાન જગન્નાથજીના દર્શનનો લાભ લીધો.

સવારે ૭ વાગ્યે રાજ્યના મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પહિંદ વિધિ કરાવીને રથયાત્રાનો પ્રારંભ કરાવ્યો હતો. આ દરમિયાન ડેપ્યુટી સીએમ નીતિન પટેલ પણ હાજર રહ્યા હતા. રથયાત્રાની પરંપરાગત વિધિઓ વહેલી સવારે ૪ વાગ્યાથી શરૂ થઈ ગઈ હતી. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે મંગળા આરતી કરી હતી. આ દરમિયાન રાજ્યના ગૃહમંત્રી પ્રદીપસિંહ જાડેજા પણ ઉપસ્થિત રહ્યા હતા.

રથયાત્રા સપન્ન થયા બાદ ગૃહ રાજ્યમંત્રી પ્રદીપસિંહ જાડેજાએ જણાવ્યું હતુ કે, કોરોના પ્રોટોકોલનાં સાથે નીકળેલી ભગવાન જગન્નાથજીની ૧૪૪મી રથયાત્રા સમગ્ર નગર નગરચર્યા કરીને નિજ મંદિર પરત આવી પહોંચી છે. તે આપણા બધા માટે આનંદનો વિષય છે. મંદિરનાં મહારાજ દિલીપદાસજી, મંદિરનાં ટ્રસ્ટી મહેન્દ્ર ઝા અને આ આયોજન સાથે સંકળાયેલા તમામ લોકોનો હું આભાર માનું છું. પોલીસનાં જવાનોએ ઉચ્ચ બંદોબસ્ત નિભાવ્યો છે. આ બધા કરતાં પણ લોકોને જે અપીલ કરી હતી તે પ્રમાણે, લોકોએ ઘરમાં રહીને ટીવીનાં માધ્યમથી દર્શન કર્યા છે તે બદલ આભાર માનું છું.



કોરોનાની બીજી લહેર ભલે મંદ પડી હોય પરંતુ નિષ્ણાતો હજુ ત્રીજી લહેરની આશંકા વ્યક્ત કરી રહ્યા છે. આવા સમયે આગામી પરિસ્થિતિને પહોંચી વળવા સિવિલ હોસ્પિટલના પ્રાંગણમાં નવા ઓક્સિજન પ્લાન્ટનો પ્રારંભ કરાયો છે. ગૃહમંત્રી અમિત શાહના હસ્તે આ પ્લાન્ટનું ઉદ્‌ઘાટન કરવામાં આવ્યુ હતુ.

## પેથાપુરના વેપારીઓને પોલીસ હેરાન કરતી હોવાનો મેસેજ સોશિયલ મિડીયામાં વાયરલ

ગાંધીનગર, તા. ૧૨ પેથાપુર પોલીસ મથખના પીએસઆઈએ પેથાપુર રથયાત્રા સમિતના સભ્યો સાથે મનસ્વી રીતે વર્તન અને સ્થાનિક વેપારીઓને ધમકાવીને જેલમાં પુરી દેવાની ધમકી આપી હેરાન પરેશાન કરવામાં આવતા હોવાનો મેસેજ સોશ્યલ મિડીયામાં વાયરલ થયો છે. ત્યારે પેથાપુર પોલીસ મથકના પીએસઆઈના વર્તન અને વર્તણુંક સંદર્ભે તા.૧૩ જુલાઈના રોજ પેથાપુરના સ્થાનિક વેપારીઓ દુકાનો બંધ રાખીને વિરોધ પ્રદર્શીત કરવામાં આવશે. તે ઉપરાતં પીએસઆઈ અને બીટ જમાદારની બદલી તંત્ર દ્વારા નહી કરવામાં આવે તો ગ્રામજનો દ્વારા જિલ્લા કલેકટરને આવેદનપત્ર આપી લેખિત રજુઆત કરવામાં આવશે તેમ પણ વાયરલ મેસેજમાં લખવામાં આવ્યું છે.

પેથાપુરમાં સ્થાનિક વેપારીઓને છેલ્લા દોઢ વર્ષથી ધંધા-રોજગારને નામે મીંડુ છે. કોરોના કાળમાં વેપારીઓ માંડ માંડ દુકાનો ખોલી બે છેડા ભેગા કરવા કોશીશ કરતા હોય છે. વૈશ્વિક કોરોનાને પગલે વેપાર ધંધા પડી ભાંગ્યા છે. ત્યારે પેથાપુર પોલીસ દ્વારા વેપારીઓને રંજાડવામાં આવી રહ્યા હોવાનો સોશ્યલ મીડીયા મેસેજ વાયરલ થયો છે. સ્થાનિક પોલીસ વેપારીઓને અપશબ્દો બોલીને તેમજ ધમકાવીને પાવતી પકડાવે છે. ત્યારે વેપારીઓની હાલત કફોડી બને છે. પેથાપુરમાં અસામાજીક પ્રવૃતિઓ ધમધમે છે તેની સામે કોઈ કાર્યવાહી પોલીસ દ્વારા કરવામાં આવતી નથી, આ અસામાજીક પ્રવૃતિઓ પર જનતા રેડ કરવામાં આવશે તેમ પણ મેસેજમાં છે. ત્યારે પેથાપુર શહેરની દુકાનો બંધ પાડીને પીએસઆઈની માંગ સાથે આવેદન પત્ર જિલ્લા કલેકટરને આપવામાં આવશે તે સાથે મેસેજ વાયરલ થતા સમગ્ર પેથાપુરમાં હોહા મચી જવા પામી છે.



ગાંધીનગરના સેક્ટર-૧ના તળાવ પાસેના છાપરામાં રહેતા અને અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને ચોપડા માસ્ક, ચોકલેટ અને બિસ્કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. આ ઉમદા કાર્યને સફળ બનાવવામાં માધુભાઈ પટેલ, વોરાભાઈ, વાઘેલાભાઈ, પ્રમોદભાઈ દવે, વિનોદ મેણાતે જહેમત ઉઠાવી હતી જ્યારે આ સેવા કાર્ય માટે સેક્ટર-૨માં દવાની દુકાન ચલાવતા લાલાભાઈ દ્વારા આર્થિક યોગદાન આપવામાં આવ્યું હતું.

### વિજળી ત્રાટકતા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

જોઈ રહ્યા છે. વરસાદ દરમિયાન આકાશમાંથી વીજળી પડતા ઉત્તર પ્રદેશમાં અલગ અલગ જિલ્લાઓમાં ૩૭ લોકોના મોત થયા છે. જ્યારે વીજળીની ઝપેટમાં આવી જવાથી બે ડઝનથી વધુ લોકો ગંભીર રીતે દાઝ્યા છે. પ્રયાગરાજમાં વીજળી પડવાથી ૨ માસૂમ બાળકો સહિત ૧૩ લોકોના મોત થયા. જ્યારે આઠ પશુઓ પણ તેની ઝપેટમાં આવીને મૃત્યુ પામ્યા. જ્યારે કાનપુર ગ્રામીણમાં ૨ મહિલાઓ સહિત ૫ લોકોના મોત થયા. ૩ ગંભીર રીતે ઘાયલ થયા. આ ઉપરાંત ફિરોઝાબાદમાં ૩ અને કૌશાંબીમાં ૨ લોકોના મોત થયા. જ્યારે મિરઝાપુરમાં એક બાળકનું મોત થયું. યુપીના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે આકાશમાંથી વીજળી પડતા તેની ઝપેટમાં આવીને મૃત્યુ પામેલા લોકોના પરિજનોને ૪-૪ લાખ રૂપિયાની આર્થિક મદદની જાહેરાત કરી છે. આ સાથે જ જિલ્લા પ્રશાસને ઘાયલોને યોગ્ય સારવારનો આદેશ આપ્યો છે.

રાજસ્થાનના જયપુર, ઝાલાવાડ અને ધૌલપુર જિલ્લાઓમાં રવિવારે વીજળી પડતા અલગ અલગ ઘટનાઓમાં સાત બાળકો સહિત ૧૮ લોકોના મોત થયા છે. રાજ્યના અલગ અલગ ગામડાઓમાં ઘટેલી ઘટનાઓમાં છ બાળકો સહિત ૨૧ લોકો ઘાયલ પણ થયા છે. જયપુરમાં આમેર કિલ્લા પાસે આકાશમાંથી વીજળી પડતા ૧૧ લોકોના મોત થયા. જ્યારે આઠ અન્ય લોકો ઘાયલ થયા. ઝાલાવાડ જિલ્લાના ગરડા ગામમાં વીજળી પડવાથી એક ઝાડ નીચે પોતાના પશુઓ સાથે ઊભેલા ૪ લોકોના ઘટનાસ્થળે જ મોત થયા. જ્યારે ૫ લોકો ઘાયલ થયા. ઘટનામાં એક ગાય અને ૧૦ જેટલી બકરીઓ પણ મોતને ભેટી છે. મુખ્યમંત્રી અશોક ગેહલોતે આકાશમાંથી વીજળી પડતા થયેલી જાનહાનિ પર શોક વ્યક્ત કર્યો અને કહ્યું કે કોટા, ધૌલપુર, ઝાલાવાડ, જયપુર અને બારામાં વીજળી પડવાથી થયેલી જાનહાનિ ખુબ જ દુખદ અને દુર્ભાગ્યપૂર્ણ છે. પ્રભાવિતોના પરિજનો પ્રત્યે મારી ઊંડી સંવેદનાઓ. અધિકારીઓને નિર્દેશ આપ્યા છે કે પીડિત પરિવારોને તરત સહાયતા ઉપલબ્ધ કરાવે.

રાજ્યપાલ કલરાજ મિશ્રાએ દુખ વ્યક્ત કરતા લોકોને જાનમાલની સુરક્ષા માટે સાવધાની અને સતર્કતા વર્તવાની અપીલ પણ કરી છે.

દેશની રાજધાની દિલ્હી અને તેની આસપાસના વિસ્તારોમાં ચોમાસીની કાગડોળે વાટ જોવાઈ રહી છે. આઈએમડીએ કહ્યું કે દક્ષિણ પશ્ચિમ ચોમાસુ દિલ્હી સહિત ઉત્તર ભારતમાં ૧૦ જુલાઈ સુધીમાં આવવાનું હતું પરંતુ રવિવાર સાંજ સુધી એવું બન્યું નથી. આઈએમડીના મહાનિદેશક મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું કે દિલ્હીની ઉપર ચોમાસુ સક્રિય થવાની અનુકૂળ પરિસ્થિતિઓ છે. કારણ કે પૂર્વી પવનના કારણે હવામાં ભેજનું પ્રમાણ વધ્યું છે અને સોમવારે સારો વરસાદ પડે તેની શક્યતા છે.

## કલોલમાં કોરોનાનો એક કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૧૨ ગાંધીનગર જિલ્લામાં બે દિવસ બાદ આજે કોરોનાનો એક કેસ ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયો છે. કલોલ અર્બન વિસ્તારમાં આ કેસ નોંધાયો છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે વધુ ૨ દર્દીઓ સાજા થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં આજે ૫૩ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જ્યારે ૨૨૦ લોકોને હોમ ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવેલ છે. ગાંધીનગર શહેરમાં સતત ત્રીજા દિવસે પણ કોરોનાનો એક પણ કેસ નોંધાયો નથી. શહેરમાં પાંચ દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

ગ્રામ્ય વિસ્તારમાં આજે નોંધાયેલા એક કેસ પછી તંત્રએ તમામ અધિકારીઓને સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખવા તેમજ સર્વેલન્સ સઘન કરવા જણાવ્યુ છે.

## 'નો એક્શન' અને 'એક્સ્ટ્રીમ એક્શન' વચ્ચે હવે 'જસ્ટ એક્શન'નો નવો માર્ગ : અમિતભાઈ શાહ

આજે ગાંધીનગર ખાતે સેન્ટર ઓફ એક્સેલેન્સ ફોર રીસર્ચ એન્ડ એનાલીસીસ ઓફ નાર્કોટીકસ, ડ્રગ્સ અને સાયકોટ્રોપીક સબસ્ટેન્સીસ



સેન્ટરનો શુભારંભ કરાવતા કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રી શાહે ઉમેર્યુ કે, ગુનેગારોની પૂછપરછ માટે હવે થર્ડ ડીગ્રીનો જમાનો ગયો, વૈજ્ઞાનિક ટેકનોલોજી અને સાયન્ટીફીક પુરાવાઓના આધારે ફોરેન્સીક એક્સપર્ટ્સની મદદથી સરળતાથી ગુનાઓની કબૂલાત અને તેને આનુષાંગિક પુરાવાઓ એકત્રિત કરવાનો જમાનો છે અને તે માટે જ ફોરેન્સીક સાયન્સ લેબોરેટરી તથા ફોરેન્સીક એક્સપર્ટની મદદથી ગુનેગારોને સજા આપવામાં વધુ સફળતા મળશે.

તેમણે ઉમેર્યુ કે, દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશની બીજીવાર ધરા સંભાળી ત્યારે જ દેશના યુવાનોને ડ્રગ્સની ચૂંગાલમાંથી મુક્ત કરવા માટે અને દેશમાં થતી ડ્રગ્સની હેરાફેરી પર સંપૂર્ણ નિયંત્રણ લાવવા એક વિશેષ રીસર્ચ બેઈઝ્ડ સાયન્ટીફીક સેન્ટરનું નિર્માણ કરવાનું લક્ષ્ય સેવ્યુ હતુ. ત્યારે જ શ્રી મોદીએ ગાંધીનગર સ્થિત ગુજરાત ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી કે જે હવે નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટીનો દરજ્જો ધરાવે છે તેની પસંદગી કરી હતી અને આજે માત્ર દોઢ વર્ષના સમયગાળામાં જ યુનિવર્સિટીએ હાઈટેક ટેકનોલોજીથી યુક્ત સાધનો સાથે સેન્ટર કાર્યરત કરી દીધુ છે. હવે દેશમાંથી પકડાતા તમામ પ્રકારના ડ્રગ્સ અને તેના ઉત્પાદનના સ્થળો ઉપરાંત તેની હેરાફેરી માટે વપરાતા રસ્તાઓનું વિગતવાર રીસર્ચ થઇ શકશે જે દેશના ભાવિને ડ્રગ્સ મુક્ત કરવા ખૂબ જ અસરકારક પૂરવાર થશે.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીએ અષાઢી બીજના પાવન અવસરે નેશનલ ફોરેન્સીક સાયન્સ યુનિવર્સિટી દ્રહ્નજીંને મળેલા ગૌરવરૂપ સેન્ટર ઓફ એક્સલન્સ માટે પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનો ગુજરાત વતી આભાર વ્યકત કર્યો હતો.

### ખૂણેખાંચરેથી

- નારદીપુર ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અમીત શાહના યોજાયેલા કાર્યક્રમના સ્થળે એન્ટીજન ટેસ્ટની વ્યવસ્થા કરાઈ હતી. ૬ જેટલા લોકોએ ત્યાં ટેસ્ટ કરાવ્યો હતો.
- દહેગામ કોંગ્રેસે જનચેતના અભિયાન અંતર્ગત મોંઘવારી બેરોજગારી, ભાવ-વધારા સામે સાયકલ રેલી યોજાઈ હતી.
- કલોલ શહેરમાં અપાતા પાણી પુરવઠામાં ફીણવાળુ પાણી મળતુ હોવાનું ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતના કર્મચારીઓની ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની ૧૩ બેઠક માટે આજથી ઉમેદવારી પત્રો સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પ્રદેશ પંચાયત પરિષદની કારોબારી સમિતિની બેઠક આજે પણ મુલ્તવી રાખવામાં આવી છે.
- પંચાયત વિભાગના અધિક મુખ્ય સચિવ વિપુલ મિત્રા આજે જિલ્લા વિકાસ અધિકારીઓ સાથે વિડીયો કોન્ફરન્સ યોજી પંચાયતી રાજના પ્રશ્નો અંગે ખાસ સમીક્ષા કરશે.
- કલોલ શહેરમાં ૧૦૦ બેડની સુવિધા ધરાવતુ શેલ્ટર હોમ બનાવવાના કામનુ આજે ગૃહમંત્રી અમીત શાહે ઈ.ખાતમુહૂર્ત કર્યુ છે.
- ગાંધીનગર જિલ્લામાં આજે ૮૬૨૬ લોકોને કોરોના વેક્સિનેશન હેઠળ આવરી લેવામાં આવ્યા હતા. શહેરમાં ૩૪૯૪ લોકોને, ગ્રામ્ય વિસ્તારમાં ૫૧૩૨ લોકોને આવરી લેવામાં આવ્યા હતા.
- સે. ૨૩ સ્વામિનારાયણ મંદિરના મહંત સ્વામી હરિકેશવદાસજી શાસ્ત્રીનો આજે ૮૭મો જન્મદિવસ હતો. તેમણે ૪૫ ધાર્મિક પુસ્તકો અત્યાર સુધીમાં લખ્યા છે.

## ગાંધીનગર-રાંધેજા માર્ગ પર આઈશરની ટક્કરે ટ્રેકટર ચાલકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૧૨ ગાંધીનગર રાંધેજા માર્ગ પર ગતરોજ સાંજના સુમારે મેલડી માતાના મંદિર સામે આઈસર-ટ્રેકટર વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આઈસર ચાલકે પાછળથી ટ્રેકટરને ટકકર મારતા ટ્રેકટર ચાલકને માથાના ભાગે તેમજ છાતીમાં ગંભીર ઈજા પહોંચી હતી. સ્થાનિક વ્યકિતઓએ ૧૦૮ ને કોલ કરતા તાત્કાલીક આવી પહોંચી હતી. પરંતુ ૧૦૮ ના ડોકટરે ટ્રેકટર ચાલકને તપાસી મૃત જાહેર કર્યા હતા.જયારે આઈસર ચાલકને પણ ઈજા પહોંચતા સિવિલ ખાતે સારવાર માટે ખસેડાયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે આઈસર ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

પારસભાઈ રમણીકભાઈ જીવાણી (ઉં.૩૧ રહે.૪૦૪ મનોરથ એપાર્ટમેન્ટ ભવ્ય પાર્ક સરકારી ટ્યુબવેલની સામે બોપલ) પરિવાર સાથે રહે છે અને એસ.એ. ઈન્ફાકોમ કંપનીમાં છેલ્લા દશ વર્ષથી ફરજ બજાવે છે. છેલ્લા અઢી માસથી ક-૭ થી રાંધેજા સુધી સ્ટ્રીટ લાઈટનું કામ રાખ્યું છે.જયારે કંપનીએ સ્ટ્રીટ લાઈટના કામના સુપરવાઈઝર તરીકે ફરીયાદીને મુક્યો છે. જયારે સ્ટ્રીટ લાઈટના કામ અંગે ટ્રેકટરની જરુર પડતી હોવાથી ભાડે થી ટ્રેકટર લાવતા હતા. જયારે છેલ્લા અઠવાડીયાથી પેથાપુરના ગોવિંદજી ઠાકોરનું ટ્રેકટર નં.જી.જે.૧૮.એચ.-૩૮૦૮ ભાડેથી રાખ્યું હતું. રાંધેજા ચોકડી થી ક-૭ સુધી સ્ટ્રીટ લાઈટનુ કામ ચાલુ હોવાથી ટ્રેકટર લઈને ભરત ઠાકોર, પ્રહલાદભાઈ બાબુભાઈ રાવળ અને ગોપાલજી ઠાકોર સવારે ૯ વાગે આવી ગયા હતા અને સાંજ સુધી રોકાયા હતા. જયારે રાંધેજા ચોકડીથી ક-૭ તરફ આવતા મેલડી માતાના મંદિર પાસે માધવ હોટલ નજીક કામગીરી ચાલુ હતી.તે સમયે સાંજના સુમારે કામ બંધ કરીને ઘરે જવાની તૈયારી કરી રહ્યા હતા.તે સમેય ગોવિંદજી ઠાકોર તેમનુ ટ્રેકટર લઈને ઘરે જવા માટે નીકળ્યા હતા. ત્યારે ટ્રેકટર લઈને ગોવિંદજી સામાન્ય અંતરે પહોંચ્યા હતા. ત્યાં પાછળથી આઈસર નં. જી.જે.૦૯.એ.યુ.૪૭૩૧ ના ચાલકે પુરઝડપે અને ગફલતભરી રીતે ચલાવીને ટ્રેકટરને ટ્કકર મારી હતી. જેમાં ટ્રેકટર ચાલક ગોવિંદજી આઈસર ટ્રકના ડાબા ટાયરમાં આવી ગયા હતા. જેથી તેઓને માથાના ભાગે તેમજ છાતીના ભાગે ગંભીર ઈજા પહોંચતા મૃત્યુ નિપજયુ હતું. બનાવની જાણ થતા પરિવારજનો પણ આવી પહોંચ્યા હતા. પેથાપુર પોલીસે મૃતદેહનું પીએમ કરાવી ગુનો નોંધી આઈસર ટ્રક ચાલક સામે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

## મોટી ભોયણ ખાતે થી મહિલા સહિત ૧૦ જુગારીઓ ઝડપાયા

ગાંધીનગર શહેર-જિલ્લામાં જુગારની મૌસમ પુરબહારમાં ખીલી રહી હોય તેમ લાગી રહ્યું છે. કલોલ



મોટી ભોયણ ગામે જગાજી ઉદાજી ઠાકોરના ખેતરમાં રમતા જુગારીઓ પર એલસીબી પોલીસ ત્રાટકીને જુગાર રમતા મહિલા સહિત ૧૦ જુગારીઓને દબોચી લીધા છે. પોલીસને જોઈ જુગારીઓમાં ભાગદોડ મચી જવા પામી હતી. જયારે પોલીસે રૂ.૩૮,૯૦૦ તેમજ મોબાઈલ ૬ કિં.૨૦હજાર મળી કુલ રૂ.૫૯,૪૦૦નો મુદ્દામાલ કબ્જે કરી જુગારધારા, સોશ્યલ ડિસ્ટન્સ અને જાહેરનામા ભંગ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

મોટી ભોયણ ગામની સીમમાં જગાજી ઉદાજી ઠાકોરના ખેતરમાં કેટલાક શખ્સો જુગાર રમે છે. જેથી પોલીસે તાત્કાલીક સ્થળ પર જઈને રેઈડ કરતા ગોળ કુંડાળુવળીને જુગાર રમતા મહિલા સહિત ૧૦ શખ્સોનો સમાવેશ થાય છે. જગાજી ઉદાજી ઠાકોર (ઉંડો વાસ મોટી ભોયણ), પ્રકાશજી છનાજી ઠાકોર ઉંડો વાસ મોટી ભોયણ, કૃણાલ નવીનજી ઠાકોર મોટો વાસ ગામ સબાસપુર, બોડાજી આતાજી ઠાકોર નાનો વાસ ઘુમા ગામ, ભરતજી રમણજી ઠાકોર પંચાયત પાસે મોટીભોંયણ, ચંદુભાઈ હરગોવન ભાઈ વાઘેલા રહે. વાલેરાવાસ ગામ બોરીસણા, રામાજી બળદેવજી ઠાકોર ચામુંડાનગર બોરીસણા, મગા મણી કાઉન્ડર રહે. મહેન્દ્ર મીલની ચાલી સ્ટેશન રોડ કલોલ, ભરતજી રાયચંદજી ઠાકોર રહે. ઉંડો વાસ મોટી ભોયણ, સોનલબેન મણીલાલ ઠાકોર અમદાવાદને પકડી પાડ્યા હતા.

## અડાલજ જૈન દેરાસરની ખડકી પાસેથી અખાદ્ય ગોળનો જથ્થો ઝડપાયો

અડાલજ જૈન દેરાસરની ખડકી પાસેથી અખાદ્ય ગોળનુ ગોડાઉન ઝડપાયુ છે. ગોડાઉનમાંથી ૮૭૫ કિલો ગોળ પોલીસે ઝડપી પાડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. દેશી દારૂ બનાવવા માટે વપરાતા ગોળનું ગોડાઉન અડાલજ જૈન દેરાસરની ખડકી પાસેથી પોલીસે પકડી પાડ્યું છે. અડાલજ પોલીસ મથકના સ્ટાફના જવાનો પેટ્રોલીંગમા હતા તે દરમિયાન દેરાસરની ખડકી ખાતે રહેતા મોટારામ હંસાજી પ્રજાપતિ દેશીદારૂ ગાળવા માટેનો અખાદ્ય ગોળ ગોડાઉનમાં ઉતારતા હોવાની બાતમી મળી હતી.

**તૈયાર ભોજન ટેન્ડર**

નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર સંચાલિત સરકારી કુમાર છાત્રાલય (અ.જા.), હિંમતનગર, સરકારી કુમાર છાત્રાલય (અ.જા.), ઈડર તથા આદર્શ નિવાસી શાળા (અ.જા. કુમાર), ઈડર, શૈક્ષણિક વષ ૨૦૨૧-૨૨ માટે છાત્રાઓને તૈયાર ભોજન પુરું પાડવા માટેના ભાવો મેળવવા ટેન્ડર GEM Portal મારફતે તા. ૯/૭/૨૦૨૧ના રોજ અનુક્રમે બીડ નંબર GEM/2021/B/1345709, બીડ નંબર GEM/2021/B/1346359 તથા બીડ નંબર GEM/2021/B/1346629 જાહેર કરેલ છે. સ્થળ પર તૈયાર ભોજન પુરું પાડવા રસ ધરાવતા પાર્ટી / વેપારી / પેઢી / સંસ્થા કેટરર્સ એ GEM Portal મારફત ટેન્ડર ભરવાનું રહેશે.

**નાયબ નિયામક**
**અનુસૂચિત જાતિ કલ્યાણ**
**હિંમતનગર, જિ. સાબરકાંઠા**

**નામાનિ/હિંમત/૧૯૬/૨૦૨૧**